ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# ગતિવિધિ

## પોલિટેકનિક ખાતે શિક્ષક દિનની ઉજવણી, વિચારથી અસર સુધીની સફર પર ફેકલ્ટી કોલોક્વિયમ યોજાયું



વડોદરા : મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પોલિટેકનિક ખાતે શિક્ષક દિનની ઉજવણીના ભાગરૂપે Research, Innovation and Startup Ecosystem વિષય પર ફેકલ્ટી કોલોક્વિયમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પોલિટેકનિકના 80થી વધુ અધ્યાપકોએ સક્રિય ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ અધ્યાપકોમાં સંશોધન, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો તેમજ સંશોધન, પેટન્ટ, બૌદ્ધિક સંપદા અધિકાર , નવીન પ્રોજેક્ટ્સ અને સ્ટાર્ટ-અપ્સ માટે ઉપલબ્ધ માર્ગદર્શન તથા નાણાકીય સહાયની તકો અંગે જાગૃતિ લાવવાનો હતો.

## વડાપ્રધાનના વડોદરા આગમનને જનસેવાના મહાપર્વ સાથે જોડતું જિલ્લા પ્રશાસનનું અનોખું અભિયાન



વડોદરા : વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વડોદરાના આંગણે પધારી રહ્યા છે, ત્યારે વડોદરા જિલ્લાવાસીઓમાં ગૌરવ અને ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે. આ ગૌરવપૂર્ણ અવસરને માત્ર સ્વાગત પૂરતો સીમિત ન રાખી, તેને સેવા, સુશાસન અને જનકલ્યાણ સાથે જોડીને ઉજવવાના ઉદ્દેશથી વડોદરા જિલ્લા પ્રશાસન દ્વારા વિશેષ સેવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.આ અભિયાન અંતર્ગત વડોદરા શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા સાત દિવસથી વિવિધ સ્થળોએ વિશેષ સેવા કેમ્પોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજીના હસ્તે 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ'નું ઉદ્ઘાટન કરાશે




વડોદરા : બ્રહ્માકુમારી અલકાપુરી સબઝોન માટે 23 સપ્ટેમ્બર, 2026નો દિવસ ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ બનશે. તાજપુરા રોડ, પાદરા ખાતે નિર્મિત 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ' (રિટ્રીટ સેન્ટર)નું ભવ્ય ઉદ્ઘાટન ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે "Spiritual Awakening for World Renewal" એટલે કે "વિશ્વ નવનિર્માણ માટે આધ્યાત્મિક જાગૃતિ" અભિયાનનો પણ શુભારંભ થશે. બ્રહ્માકુમારી ડૉ. નિરંજના દીદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ યોજાનારા સમારોહમાં બ્રહ્માકુમારી સંસ્થાની ગુજરાત ઝોન સંચાલિકા રાજયોગિની બ્રહ્માકુમારી ભારતી દીદી તથા માઉન્ટ આબુથી બ્રહ્માકુમારી ઉષા દીદી સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## વડોદરા ઇન્સ્ટિટ્યૂટ ઓફ લો, કોટંબી ખાતે નવા પ્રવેશાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો



વડોદરા : વડોદરા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લો, કોટંબી દ્વારા નવા પ્રવેશ મેળવનારા LLB વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને કાનૂની શિક્ષણ, શૈક્ષણિક પ્રક્રિયા, કોલેજની પ્રવૃત્તિઓ તેમજ કાનૂની વ્યવસાયમાં કારકિર્દીની તકો અંગે વ્યાપક સમજ આપવાનો હતો. કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત મહેમાનો અને મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું. DSLAના મુખ્ય મહેમાન CJM ડી.વી. સાવલિયા સર દ્વારા વિદ્યાર્થીઓને સંબોધિત કરવામાં આવ્યા હતા. તેમણે કાયદા, કાનૂની શિક્ષણ અને કાયદાના જાણકારો માટે ઉપલબ્ધ વિવિધ તકો અંગે મૂલ્યવાન સમજ આપી હતી.

## વ્રજધામ સંકુલ ખાતે જન્માષ્ટમી અને નંદ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ



વડોદરા : વૈષ્ણવચાર્ય વ્રજરાજકુમાર મહારાજના સાનિધ્ય માં . વ્રજધામ સંકુલ ખાતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી તથા નંદ મહોત્સવની અત્યંત ભવ્ય, દિવ્ય અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. બંને દિવસ દરમિયાન હજારો વૈષ્ણવો અને કૃષ્ણભક્તોએ ઉપસ્થિત રહી શ્રીકૃષ્ણ ભક્તિ, સત્સંગ અને ઉત્સવનો અલૌકિક આનંદ માણ્યો હતો. જન્માષ્ટમીના પાવન અવસરે વ્રજધામ સંકુલ ખાતે વિશેષ ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રીકૃષ્ણના મધુર ભજનો અને કીર્તનોની વચ્ચે સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બન્યું હતું અને મોટી સંખ્યામાં ઉપસ્થિત વૈષ્ણવો કૃષ્ણભક્તિમાં ભાવવિભોર બન્યા હતા. આ પાવન પ્રસંગે વૈષ્ણવાચાર્ય ગોસ્વામી વ્રજરાજકુમાર મહોદયએ પોતાના આશીર્વચન અને પ્રવચનમાં શ્રીકૃષ્ણના આનંદ સ્વરૂપ તથા કૃપાના મહિમાનું સુંદર નિરૂપણ કર્યું હતું.

### શ્રેષ્ઠ શાળા, શિક્ષકો સહિત સીઆરસી કો., સ્પેશિયલ એજ્યુકેટર અને બાળમિત્રને પણ સન્માનિત કરાયા

# ન.પ્રા.શિક્ષણ સમિતિ દ્વારા શિક્ષકોનું બહુમાન

**વહીવટી** કામગીરીમાં પારદર્શિતા અને સરળતા લાવવા નવી એપ્લિકેશનનું મહાનુભાવોના હસ્તે લોન્ચિંગ




(પ્રતિનિધિ) વડોદરા,તા.5

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા દ્વારા શિક્ષક દિન નિમિત્તે આજવા રોડ સ્થિત પંડિત દીનદયાલ ઉપાધ્યાય નગર ગૃહ ખાતે ભવ્ય શિક્ષક સન્માન સમારોહ યોજાયો હતો. અધ્યક્ષ અંજનાબેન ઠક્કરે સ્વાગત પ્રવચન કર્યું હતું. મહાનુભાવોનું શાલ અને મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું.

વહીવટી કામગીરીમાં સરળતા અને પારદર્શિતા લાવવા તૈયાર કરાયેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની એપ્લિકેશનનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ શિક્ષકનું સન્માન એ સમાજ અને રાષ્ટ્રના નિર્માણનું સન્માન હોવાનું જણાવી 'Once a Teacher, Always a Teacher'નો સંદેશ આપ્યો હતો. ટેકનોલોજીના યુગમાં પુસ્તકોનું મહત્વ જાળવી રાખવા પણ ભાર મૂકાયો હતો. સાંસદ ડો. હેમાંગ જોશીએ જણાવ્યું કે, બાળકો સાથે શિક્ષકનો સંવાદ અર્જુન અને કૃષ્ણ વચ્ચેના સંવાદ જેવો હોવો જોઈએ.

સમારોહમાં નિવૃત્ત ચોથા વર્ગના કર્મચારીઓ, નિવૃત્ત શિક્ષકો અને બાલવાડી શિક્ષકોનું સન્માન કરાયું હતું. ઉપરાંત સૌથી વધુ હાજરી ધરાવતી મહારાણી શાંતાદેવી પ્રાથમિક શાળા, શિક્ષકો પ્રીતિબેન પરમાર, પિંકીબેન પટેલ, બાળકૃષ્ણ પંડ્યા, દીપક આચાર્ય અને વનરાજસિંહ પરમારનું સન્માન કરાયું હતું. શ્રેષ્ઠ સીઆરસી કો. ભાર્ગવ પંડ્યા, સ્પેશિયલ એજ્યુકેટર નિતાબેન ગાંધી અને બાળમિત્ર નુસરત મલેકને પણ સન્માનિત કરાયા હતા. શાસનાધિકારી ડો. વિપુલ ભરતિયાએ સમિતિની સિદ્ધિઓ રજૂ કરી સીએસઆરથી શાળાઓમાં સુવિધાઓ વધ્યાનું જણાવ્યું હતું. કેળવણી નિરીક્ષક ધવલભાઈ પટેલે આભારવિધિ કરી હતી અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

### શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ અપાયા

**શ્રેષ્ઠ શાળા:** સ્વામી વિવેકાનંદ પ્રા. શાળા, બપોર (રૂ. 25,000)

**શ્રેષ્ઠ આચાર્ય:** હરેશભાઈ રાઠોડ - ડોંગરેજી પ્રા. શાળા (રૂ. 15,000)

**શ્રેષ્ઠ શિક્ષક:** અમીતાબેન પટેલ - કવિ દુલાકા પ્રા. શાળા (રૂ. 11,000)

**શ્રેષ્ઠ બાલવાડી:** માણેકરાવ બાલવાડી, સયાજીપુરા (રૂ. 9,000)

### શિક્ષક દિન નિમિત્તે વડોદરા જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું

## વડોદરા જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત સમારોહ યોજાયો



**શિક્ષકોની** ભૂમિકા મહત્વપૂર્ણ : સંસ્કાર, મૂલ્યો અને આત્મવિશ્વાસના સિંચન સાથે રાષ્ટ્રનિર્માણમાં યોગદાન

(પ્રતિનિધિ) વડોદરા તા.5

ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણશાસ્ત્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. આ નિમિત્તે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા દ્વારા તાલુકા અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત સમારોહ યોજાયો હતો. શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષકોનું સન્માન કરાયું હતું.

સાંસદ ડૉ. હેમાંગ જોશીએ જણાવ્યું કે, શિક્ષકનું કાર્ય માત્ર શિક્ષણ આપવા પૂરતું નથી, પરંતુ બાળકોના સંસ્કાર, ગુણો અને વ્યક્તિત્વનું ઘડતર કરવાનું પણ છે. જિલ્લા વિકાસ અધિકારી આનંદ પાટીલે શિક્ષક દિનને શિક્ષકોના યોગદાનને સન્માનવાનો અવસર ગણાવ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડેએ ડૉ. રાધાકૃષ્ણનના જીવનને શિક્ષકની મહેનત અને નિષ્ઠાનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણાવ્યું હતું. જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ભૂમિકાબેને શિક્ષકો વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય સતીશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ જ્યોત્સનાબેન રબારી સહિત શિક્ષણ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો

**નિશાબેન રતિભાઈ માચાવંશી**
ઉપશિક્ષક - સેગુવાડા પ્રાથમિક શાળા, તા. ડભોઇ

**મહેશ નારાયણદાસ ચૌધરી**
ઉપશિક્ષક - કડાછલા પ્રા. શાળા, તા. ડેસર

**પ્રતિકકુમાર જ્યંતિભાઈ પટેલ**
ઉપશિક્ષક - દણોલી પ્રા. શાળા, તા. પાદરા

**મીનાબેન પૂંજાલાલ નાયી**
ઉપશિક્ષક - પદમલા પ્રા. શાળા, વડોદરા

**ઉર્વશીબેન ભગવાનભાઈ પટેલ**
ઉપશિક્ષક - નવાપુરા અંગ્રેજી પ્રાથમિક શાળા, તા. જિ. વડોદરા

### જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો

**નટુભાઈ ત્રિકમભાઈ પરમાર**
મુખ્ય શિક્ષક એમ. ડી. પટેલ હાઈસ્કૂલ, માધ્યમિક શાળા વિભાગ

**મહેશકુમાર મનુભાઈ પટેલ**
બી.આર.સી. - બીઆરસી સેન્ટર, સી.આર.સી./બી.આર.સી./કેળવણી નિરીક્ષક/એચ.ટાટ કેટેગરી

**સ્વીટીબેન રમેશકુમાર ધાણધારા**
મુખ્ય શિક્ષક - ઇટોલા કૃષિ પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા વિભાગ

### સવારે બામણગામની કંપનીમાંથી પણ બેબી પાયથોન ઝડપાયું

## પોર બ્રિજ પરથી સાડા સાત ફૂટનો અજગર રેસ્ક્યુ કરાયો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૪

વડોદરા શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વન્યજીવોના માનવ વસાહતો તરફ આવી ચઢવાના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. મોડી રાત્રિના અરસામાં વડોદરા તરફથી પરત ફરી રહેલા સ્થાનિક રહેવાસી આદર્શ પાટણવાડિયા અને અન્ય નાગરિકોને પોર બ્રિજ ઉપર અચાનક એક મોટો અજગર નજરે પડ્યો હતો. રાત્રિના સમયે અચાનક રોડ પર અજગર આવી જવાથી ત્યાંથી પસાર થતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ અંગે ત્વરિત કાર્યવાહી કરતા આદર્શ પાટણવાડિયાએ તાત્કાલિક 'સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ'ના પ્રમુખ સંદીપભાઈનો ટેલિફોનિક સંપર્ક કરી સમગ્ર ઘટનાની જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ સેવ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટની રેસ્ક્યુ ટીમ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ઘટનાસ્થળે દોડી ગઈ હતી. વન વિભાગના કર્મચારી નિતિનભાઈની વિશેષ ઉપસ્થિતિમાં ટીમ દ્વારા ભારે જહેમત અને કુશળતાપૂર્વક સાડા સાત ફૂટ લાંબા આ અજગરનું સફળ અને સુરક્ષિત રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

## કાનુડાના રંગે રંગાયું વડોદરા: શ્રદ્ધા, ઉમંગ અને ઉલ્લાસ સાથે જન્માષ્ટમી પર્વ મનાવાયું



( પ્રતિનિધિ )વડોદરા,તા.5

સંસ્કારી નગરી વડોદરામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ એટલે કે જન્માષ્ટમી પર્વની ભારે શ્રદ્ધા, ઉમંગ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. મધ્યરાત્રિએ બરાબર ૧૨ વાગ્યે ગોકુળિયા માહોલ વચ્ચે જેવા ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો કે તુરંત જ સમગ્ર વડોદરા શહેર 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી' અને 'હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી'ના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. શહેરના તમામ નાના-મોટા કૃષ્ણ મંદિરો, હવેલીઓ અને જાહેર પંડાલોમાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને નટખટ ગોપાલના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

જન્માષ્ટમીના પાવન અવસર પર શહેરના પ્રસિદ્ધ મંદિરો જેવા કે ઈસ્કોન મંદિર, નરસિંહજી મંદિર અને વિવિધ કૃષ્ણ આશ્રમો તથા હવેલીઓને રંગબેરંગી રોશની, પુષ્પો અને આકર્ષક મંડપોથી સજાવવામાં આવ્યા હતા. મધ્યરાત્રિએ બાલ ગોપાલના જન્મોત્સવ સમયે મહાઆરતી, પંચામૃત અભિષેક અને પંજરી તથા માખણના મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. કૃષ્ણ જન્મોત્સવને નિહાળવા માટે મોડી રાત્રિ સુધી ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. તદુપરાંત, વડોદરાના વિવિધ વિસ્તારો અને ચાર રસ્તાઓ પર ગોવિંદા મંડળો દ્વારા ભવ્ય મટકી ફોડ (દહી હાંડી) ના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીજેના તાલે અને ઢોલ-નગારાના ધબકારે યુવાનો અને ગોવિંદાઓની ટોળીઓએ માનવ મહેરામણ વચ્ચે માનવ મિનારા રચીને હવામાં ઉંચે બાંધેલી મટકીઓ ફોડી હતી. આ દ્રશ્યો નિહાળવા માટે મોટી સંખ્યામાં શહેરીજનો રસ્તાઓ પર ઉમટી પડ્યા હતા.

### પોલિટેકનિક ખાતે શિક્ષક દિનની ઉજવણી કરાઇ

## વિચારથી અસર સુધીની સફર પર ફેકલ્ટી કોલોક્વિયમ યોજાયું

( પ્રતિનિધિ )વડોદરા,તા.5

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ અધ્યાપકોમાં સંશોધન, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો તેમજ સંશોધન, પેટન્ટ, બૌદ્ધિક સંપદા અધિકાર , નવીન પ્રોજેક્ટ્સ અને સ્ટાર્ટ-અપ્સ માટે ઉપલબ્ધ માર્ગદર્શન તથા નાણાકીય સહાયની તકો અંગે જાગૃતિ લાવવાનો હતો. પોલિટેકનિકના પ્રિન્સિપાલ જિતેન્દ્ર વાઘવાએ શિક્ષક દિન નિમિત્તે તમામ અધ્યાપકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે સતત અધ્યયન, સંશોધન અને નવીનતા દ્વારા વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક વિકાસ સાધવા માટે અધ્યાપકોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ઔદ્યોગિક અને સામાજિક પડકારોના વ્યવહારુ ઉકેલો વિકસાવવા માટે માર્ગદર્શન આપવામાં શિક્ષકોની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના વક્તા અને ફેસિલિટેટર ડો. પ્રશાંત મુર્મકારએ વિદ્યાર્થીઓમાં સંશોધન, સર્જનાત્મકતા અને ઉદ્યોગસાહસિકતાની ભાવના વિકસાવવામાં શિક્ષકોની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. Student Journey - Mind to Market વિષય પર વાત કરતાં તેમણે સમજાવ્યું હતું કે કોઈ વિચારને જ્યારે વ્યવહારુ અથવા વ્યાવસાયિક ઉપયોગિતા પ્રાપ્ત થાય અને તે સમાજ માટે મૂલ્યનું સર્જન કરે, ત્યારે તે વિચાર નવીનતામાં પરિવર્તિત થાય છે. ડો. મુર્મકારે એમએસયુના SSIP 2.0 અંતર્ગત વિદ્યાર્થીઓના વિચારોને પ્રોટોટાઈપ, નવીન પ્રોજેક્ટ્સ અને સ્ટાર્ટ-અપ્સમાં પરિવર્તિત કરવા માટે ઉપલબ્ધ સહાય અને તકો અંગે માહિતી આપી હતી.

## વડોદરામાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી

વડોદરા : વડોદરા મહાનગરપાલિકા દ્વારા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, મહાન શિક્ષણવિદ્ અને પ્રખર તત્ત્વચિંતક 'ભારત રત્ન' ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ, શિક્ષક દિન નિમિત્તે કારેલીબાગ વિસ્તારના વી.આઈ.પી. રોડ પર આવેલા અમિતનગર સર્કલ પાસેના બ્રિજ નીચે એક વિશેષ શ્રદ્ધાંજલિ અને પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.શિક્ષક દિન નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં વડોદરા મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ, શહેરના નામાંકિત શિક્ષણવિદો, વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઓન લાઇન જાહેર નિવિદા નં.ટી.સી./૦૪ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, ગોધરા વિદ્યુત (મા અને મ) વિભાગ,જુની ગેરી, પહેલો માળ, સિવિલ લાઇન્સ, ગોધરા-૩૮૯૦૦૧ ની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના વિદ્યુત ( મા અને મ) વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા અનુભવી તથા નિષ્ણાત ઇજારદારશ્રીઓ પાસેથી ૦૭ (સાત) કામ માટે કે જેની અંદાજિત રકમ રૂા.૨૩૪.૨૮ લાખ છે. તેના માટે ઓનલાઇન ટેન્ડર (ઇ-ટેન્ડર સીસ્ટમથી) મંગાવવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ટેન્ડરમાં ભાવો ભરીને ઓન લાઇન ટેન્ડર મોકલવાની છેલ્લી તા.૨૧-૦૯-૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાક સુધી રાખવામાં આવેલી છે. જ્યારે ટેન્ડર તા.૨૧-૦૯-૨૦૨૬ નાં રોજ બપોરના ૧૨:૧૦ કલાકે વિદ્યુત વર્તુળ, વડોદરા ખાતે અનુ નં-૧ નું કામ જ્યારે બાકીના કામો ગોધરા વિદ્યુત વિભાગ, ગોધરા ખાતે કામ ખોલવામાં આવશે. આ કામની વિગતવાર નિવિદા આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. વધુ માહિતી માટે જાહેર રજાના દિવસ સિવાય આ કચેરીનો સંપર્ક સાધવા વિનંતી. ટેન્ડર નોટીસ વેબસાઇટ www.tender.nprocure.com પરથી ડાઉન લોડ કરી મેળવી શકાશે તથા www.Statetenders.gujarat.gov.in પર જોઇ શકાશે.

(માહિતી/ગોધરા/૪૭૧/૨૬)

### કથા અને ભજન સંધ્યાનું આયોજન

## રાવપુરા સૂર્યનારાયણ મંદિરે આજે હિંડોળા દર્શન યોજાશે

તમામ ધર્મપ્રેમી જનતાને આ ઉત્સવમાં પરિવાર સાથે ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા ૩

વડોદરા શહેરના રાવપુરા પોસ્ટ ઓફિસ સામે આવેલ પૌરાણિક અને અત્યંત શ્રદ્ધાનું કેન્દ્ર એવા પ્રસિદ્ધ શ્રી સૂર્યનારાયણ મંદિર ખાતે પ્રતિવર્ષની પરંપરા મુજબ આગામી રવિવાર તા. ૬ ના રોજ પવિત્ર શ્રાવણ માસના અંતિમ રવિવાર નિમિત્તે ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પર્વ નિમિત્તે રવિવારે સવારે ભગવાનશ્રીના વિશેષ અભિષેક બાદ રંગબેરંગી અને સુગંધિત ફૂલોથી શણગારેલા આકર્ષક હિંડોળામાં ભગવાનશ્રી બિરાજમાન થશે, જેના અલૌકિક દર્શન ભક્તો કરી શકશે. સવારે ૯:૦૦ વાગ્યે શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનો શુભારંભ થશે અને ૧૧:૦૦ વાગ્યે પૂર્ણાહૂતિ બાદ ભવ્ય મહાઆરતી યોજાશે. આ ઉપરાંત સાંજે ૬:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી પ્રખ્યાત ભજનીક જયેશભાઈ વાયડે એન્ડ ગ્રુપ દ્વારા મધુર અને કર્ણપ્રિય ભજનોની ધૂન રેલાવવામાં આવશે. શ્રદ્ધાળુઓ નિરાંતે દર્શનનો લાભ લઈ શકે તે માટે મંદિર રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. શ્રી સૂર્યનારાયણ મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ ઉત્સવમાં પરિવાર સાથે ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. શ્રાવણ માસના અંતિમ રવિવારે યોજાશે ભવ્ય ધાર્મિક મહોત્સવ, જયેશભાઈ વાયડે ગ્રુપ દ્વારા થશે ભજનોની રમઝટ, રાત્રે ૯ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે.

### સ્માર્ટ સિટીના વિકાસ કામો અટવાયા

## વડોદરાને TP શાખામાં કાયમી અધિકારીઓનો ભારે દુકાળ

**૨૦૧૯થી** TDOની જગ્યા ખાલી, આર્કિટેક્ટો હોવા છતાં ઇન્ચાર્જ અધિકારીઓના ભરોસે તંત્ર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૫

વડોદરા મહાનગરપાલિકાને કરોડો રૂપિયાની આવક રળી આપતી અને પાલિકાનો 'કમાઉ દીકરો' ગણાતી ટાઉન પ્લાનિંગ શાખા હાલ ગંભીર પ્રશ્નો અને અવ્યવસ્થા વચ્ચે ઘેરાયેલી જોવા મળી રહી છે. સ્માર્ટ સિટી તરફ આગળ વધી રહેલા વડોદરા શહેરમાં નગર રચના અને સુગ્રથિત વિકાસની જવાબદારી સંભાળતો આ મહત્વપૂર્ણ વિભાગ હાલ કાયમી અધિકારીઓ વિના માત્ર ચાર્જ પર ચલાવવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૯માં ટાઉન ડેલવપમેન્ટ ઓફિસર ગોપાલ શાહ નિવૃત્ત થયા બાદ પાલિકા તંત્ર અને શાસકો દ્વારા આ મહત્વની જગ્યા પર કાયમી ભરતી કરવામાં આવી નથી.

આટલા વર્ષો વિતી જવા છતાં આ શાખાને ઈન્ચાર્જ અધિકારીઓના ભરોસે છોડી દેવામાં આવી છે. શહેરમાં એક તરફ મકાન નિર્માણ, પ્લાન મંજૂરી અને નગર વિકાસની વિવિધ પ્રક્રિયાઓ ઝડપી બનાવવાની વાતો થાય છે, ત્યારે બીજી તરફ નિષ્ણાત અર્બન પ્લાનર કે કાયમી ટીડીઓની ગેરહાજરીને કારણે મહત્વના કામો અટવાઈ રહ્યા છે. તંત્ર દ્વારા આ શાખામાં ટેકનિકલ રીતે બિન-સંબંધિત એન્જિનિયરો અને ઈન્ચાર્જ અધિકારીઓથી કામ ચલાવવામાં આવી રહ્યું હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

### સ્વચ્છતા અભિયાનના દાવાઓ પોકળ

## વડોદરાની મહત્વની સરકારી કચેરી ગંદકીથી ખદબદી રહી છે

માંજલપુર મામલતદાર કચેરીમાં ઠેર ઠેર ગંદકી અને અસામાજિક તત્વોના અડ્ડાથી રોષ



(પ્રતિનિધી) વડોદરા, તા.5

એક તરફ સરકાર દ્વારા 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત શહેરથી લઈને ગામડા સુધી સ્વચ્છતાના મોટા-મોટા દાવા કરવામાં આવે છે અને નાગરિકોને સ્વચ્છતા જાળવવાના સંદેશ આપવામાં આવે છે, તો બીજી તરફ વડોદરા શહેરના ગીચ અને મહત્વના ગણાતા માંજલપુર વિસ્તારમાં આવેલી મામલતદાર કચેરીની વર્તમાન સ્થિતિ આ તમામ દાવાઓની પોલ ખોલી નાખવા માટે પૂરતી છે. સરકારી કચેરી જેવા જાહેર સ્થળે જ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળતા નાગરિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. માંજલપુર મામલતદાર કચેરીમાં રોજબરોજ સેંકડો નાગરિકો વિવિધ દાખલા, પ્રમાણપત્રો અને સરકારી કામકાજ અર્થે આવે છે. પરંતુ, કચેરીના મુખ્ય પ્રવેશદ્વારથી લઈને અંદરના પરિસરમાં જોવા મળતી અસ્વચ્છતા નાગરિકોને આઘાતજનક લાગે તેવી છે.

## 'નમો ફોર વિકસિત ભારત'ના લોગો સાથે વડોદરામાં PM મોદીના સ્વાગતની તૈયારીઓ તેજ

વડોદરા : વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા. ૮ સપ્ટેમ્બરે એમ.એસ. યુનિવર્સિટી પેવેલિયન ખાતે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના હોવાથી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ હતી. આ પ્રસંગે »Namo4VikshitBharat લોગોનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. પત્રકાર પરિષદમાં ભાજપ વડોદરા મહાનગર પ્રમુખ ડો. જયપ્રકાશભાઈ સોની, મેયર શ્રીમતી ગીતાબેન મકવાણા, સાંસદ ડો. હેમાંગભાઈ જોષી, ધારાસભ્ય કેયુરભાઈ રોકડિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મેયર ગીતાબેન મકવાણાએ સેવા સપ્તાહ અંતર્ગત કોર્પોરેશન દ્વારા યોજાનારા વિવિધ સ્વચ્છતા કાર્યક્રમોની માહિતી આપી હતી.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૩૭૦/૨૬-૨૭ | સેન્ટ્રલ સ્ટોર | 03 | ૯,૬૯,૪૧૭/- |
| ૨ | ૩૭૧/૨૬-૨૭ | ઇલે.મિકે. સુવેજ | ૦૨ | ૬,૭૬,૮૧૬/- |
| 3 | ૩૭૩/૨૬-૨૭ | પૂર્વ ઝોન | ૦૨ | ૮,૦૪,૨૦૨/- |
| ૪ | ૩૭૪/૨૬-૨૭ | બિલ્ડીંગ પ્રોજેક્ટ | 03 | ૮૩,૧૨,૬૪,૮૯૬/- |
| ૫ | ૩૭૫/૨૬-૨૭ | પશ્ચિમ ઝોન | ૦૧ | ૪,૫૯,૭૪૩/- |
| ૬ | ૩૭૬/૨૬-૨૭ | અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગ | ૧૫ | ૧૧,૬૯,૫૦૩/- |
| ૭ | ૩૭૭/૨૬-૨૭ | પશ્ચિમ ઝોન | ૦૨ | ૯,૨૬,૬૭૦/- |
| ૮ | ૩૮૦/૨૬-૨૭ | અફોર્ડેબલ હાઉસીંગ સેલ | ૦૭ | ૨,૫૬,૩૮,૦૦,૦૦૦/- |

નોંધ: અ.નં. ૪ અને ૮ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૩૭૮/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત